# કસાબની ફાંસીની સજા યથાવત : સુપ્રીમ

નવી દિલ્હી,તા. ૨૯

સુપ્રીમ કોર્ટે આજે મુંબઈના ભીષણ આતંકવાદી હુમલામાં અપરાધી અને પાકિસ્તાની આતંકવાદી અજમલ કસાબની તેને ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજાને પડકારતી અરજીને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે કુખ્યાત આતંકવાદી અજમલ કસાબની મૃત્યુદંડની સજાને યોગ્ય ઠેરવી હતી. મુંબઈના હુમલામાં ૧૬૬ લોકોના મોત થયા હતા. મુંબઈ હુમલા દરમિયાન કસાબને જીવતો પકડી લેવામાં આવ્યો હતો. ટ્રાયલ કોર્ટ દ્વારા ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજાને યોગ્ય ઠેરવીને સુપ્રીમ કોર્ટે છે. કારણ કે કસાબ દેશ સામે યુદ્ધ છેડવા માટે દોષિત છે. જેથી તે તેને કોઈપણ પ્રકારની દયા આપી શકાય નહીં. કોર્ટે કસાબની એવી દલીલને ફગાવી દીધી હતી કે નિષ્પક્ષ રીતે ટ્રાયલ તેની સામે ચલાવવામાં આવી નથી. તેને કાયદાકીય સહાયતા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી ન હતી. ભારતીય બંધારણની કલમ ૨૨ (એક્ટ)ની શરતો હેઠળ કાયદાકીય મદદ અપાઈ ન હતી જેથી તે દયાનો હકદાર છે તે મોટા કાવતરાના ભાગરૂપે પ્રોસીક્યુસનના ચાર્જને સ્વીકારી લીધી હતા. જેમાં જણાવવામાં આવ્યું હતું કે આ અસામાન્ય કેસ પૈકીનો એક કેસ પણ ન હતો. કસાબની તમામ દલીલોને ફગાવી દેવામાં આવી હતી.

જસ્ટિસ આફતાબ અલમ અને જસ્ટિસ ચંદ્રમોલી કુમાર પ્રસાદની બેંચે કસાબની અરજી પર ૨૫મી એપ્રિલના દિવસે સુનાવણી પૂરી કરી લીધી હતી. કોર્ટે કસાબની અરજી પર આશરે અઢી મહિના સુધી સુનાવણી ચલાવી હતી. આ ગાળા દરમિયાન આતંકવાદી હુમલાના સંબંધમાં બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવી હતી. કોર્ટે કસાબની મૃત્યુદંડની સજા પર ગયા વર્ષે ૧૦મી ઓક્ટોબરના દિવસે પ્રતિબંધ મૂકી દીધો હતો. કોર્ટે આ મામલામાં કસાબનું પ્રતિનીધિત્વ કરવાની જવાબદારી વરિષ્ઠ અધિકારી રાજુ રામચંદ્રને સોંપી હતી. મુંબઈ હાઈકોર્ટના ચુકાદાની સામે દાખલ કરવામાં આવેલી અરજીમાં કસાબે દાવો કર્યો હતો કે અલ્લાના નામે રોબર્ટની જેમ અપરાધ કરવા માટે તેને શીખવાડવામાં આવ્યું હતું. તેની વયને જોતા મૃત્યુદંડની સજા આપવામાં ન આવે. ૨૫ વર્ષીય કસાબને છઠ્ઠી મે ૨૦૧૦ના દિવસે મુંબઈની આતંકવાદ વિરોધી કોર્ટે મૃત્યુદંડની સજા ફટકારી હતી ત્યારબાદ ૧૦મી ઓક્ટોબર ૨૦૧૧ના દિવસે મુંબઈ હાઈકોર્ટે આ સજા યોગ્ય ઠેરવી હતી. હાઈકોર્ટે આઈપીસી, આર્મ્સ એક્ટ, એક્સપ્લોસીવ એક્ટ, એક્સપ્લોસીવ સબ્સસ્ટેન્સ એક્ટ, ફોરેનર્સ એક્ટ, પાસપોર્ટ એક્ટ અને રેલવે એક્ટ હેઠળ ૧૯ આધાર ઉપર કસાબને અપરાધી ઠેરવવામાં આવ્યો હતો. કસાબ અને અન્ય ૯ પાકિસ્તાની આતંકવાદીઓ ૨૬મી નવેમ્બર ૨૦૦૮ના દિવસે દક્ષિણ મુંબઈમાં બુધવાર પાર્ક ખાતે ઉતર્યા બાદ મુંબઈમાં આતંક મચાવ્યો હતો. દરિયાઈ માર્ગ મારફતે કરાચીથી મુંબઈ પહોંચ્યા બાદ આ આતંકવાદીઓએ જુદા જુદા વિસ્તારોમાં ભારે હુમલો કર્યો હતો જેમાં ૧૬૬ લોકોના મોત થયા હતા અને સેકડો લોકો ઘાયલ થયા હતા. કસાબને જીવતો પકડી લેવામાં આવ્યો હતો અન્ય આતંકવાદીઓ આતંકવાદી વિરોધી ઓપરેશનમાં ઠાર મારી દેવામાં આવ્યા હતા.



### કસાબની સુરક્ષા પાછળ પાંચ કરોડનો જંગી ખર્ચ

મુંબઈના ભીષણ આતંકવાદી હુમલા દરમિયાન જીવતા ઝડપાઈ ગયેલા આતંકવાદી અજમલ કસાબ ઉપર જંગી ખર્ચ થઈ રહ્યો છે. કસાબને હાલમાં મુંબઈમાં આર્થર રોડ જેલમાં રાખવામાં આવી રહ્યો છે. હાઇ સિક્યુરિટી સેલનો ખર્ચ પાંચ કરોડ રૂપિયા છે. કસાબ પાછળનો ખર્ચ ખૂબ જ વધી ગયો છે. કસાબને ભારત-તિબેટ બોર્ડર પોલીસ દ્વારા સુરક્ષા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે જેનો ખર્ચ રાજ્ય સરકારને ૧૯ કરોડ રૂપિયા થઈ રહ્યો છે.

### કસાબને ખૂબ વહેલી તકે ફાંસી આપો : દિગ્વિજય

કોંગ્રેસનાં નેતા દિગ્વિજયસિંહે કહ્યું હતું કે, સુપ્રિમ કોર્ટનાં ચુકાદા બાદ મુંબઈના આતંકવાદી હુમલામાં ફાંસીની સજાનો સામનો કરી રહેલાં કસાબને તરત જ ફાંસી આપવી જોઈએ. સુપ્રિમ કોર્ટે કસાબની ફાંસીની સજાને યોગ્ય ઠેરવ્યા બાદ આ અંગે પ્રતિક્રિયા આપતાં દિગ્વિજયે કહ્યું હતું કે, દેશની સામે યુદ્ધ છેડવાની બાબત પાકિસ્તાની આતંકવાદીનો સૌથી મોટો ગુનો છે. જસ્ટીસ આફતાબ આલમન અને જસ્ટીસ ચંદ્રમૌલિકુમાર પ્રસાદની અરજીને ફગાવી દીધી હતી અને ફાંસીની સજાને યોગ્ય ઠેરવી હતી. કસાબે ફાંસીની સજાને પડકાર ફેંકીને તર્કદાર દલીલો કરી હતી અને કહ્યું હતું કે, તેની સામે નિષ્પક્ષ તપાસ થઈ નથી.

## સમાચાર ઝલક

- ૨૫ ખેલાડીઓને અર્જુન એવોર્ડ એનાયત થશે.
- કસાબ સામે પુરતા પુરાવા, તેની અરજી સુપ્રીમે ફગાવી દીધી.
- વરસાદથી કેળાની નિકાસને ભારે ફટકો પડ્યો.
- શ્રી અરવિંદ કેજરીવાલની સભામાં અણ્ણા સમર્થકોનો હોબાળો.
- ૧૦૮ હવેથી પ્રસુતાને ઘરે પહોંચાડશે.
- પાટણમાં ચેઇન ખેંચનારાઓનાં ત્રાસથી પાટણ સજ્જડ બંધ.
- નરોડા પાટિયા કેસના ચુકાદામાં માયાબેન કોડનાની અને બાબુ બજંરગી સહિત ૩૨ લોકો દોષિત, ૨૯ નિર્દોષ.
- કોમર્શિયલ પ્રોપર્ટીમાં ૩૦ ટકા ઘટાડો.
- દિલ્હીમાં મુશળદાર વરસાદ, યમુના નદીની જળ સપાટી વધી.
- કાશ્મીરમાં લશ્કરે ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યાં.
- ઉત્તરપ્રદેશનાં બારાબંકીમાં ૬ મંદિરોમાં લાખોની ચોરી.
- આસામ બંધમાં હિંસા ભડકી, કર્ફ્યુ લાદવામાં આવ્યો.
- ચીનમાં વાવાઝોડામાં બે વહાણ સપડાયાં.
- લીલીયામાં તસ્કરોનાં ભારે ત્રાસથી લીલીયા બંધ રહ્યું.
- વિકલાંગ દર્દીઓ માટે જયપુર ફ્રુટ કેમ્પ યોજાશે, સરગમ કલબ રાજકોટમાં નામ નોંધાવવું.
- અછતની સમીક્ષા માટે કેન્દ્રની ટીમ રાજકોટ સૌરાષ્ટ્રના પ્રવાસે.
- રામદેવના ટ્રસ્ટની નોંધણી રદ્દ થવાની શક્યતા.
- ગુજરાતમાં ૮૫,૦૦૦ કરોડની મુડી રોકાણની દરખાસ્ત, ગુલાબી ચિત્ર સપાટી પર આવ્યું.
- બાળમજૂરી પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવા કેન્દ્રની તૈયારી.
- ગુજરાતમાં જ્યોર્તિગ્રામ યોજનાનો અભ્યાસ કરતી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ.
- તીખાં ગાંઠીયામાં પણ ભેળસેળ રાજકોટમાં પકડાઇ.
- ઇરાકમાં એક દિવસમાં ત્રણ મહિલાઓ સહિત ૨૧ અપરાધીઓને ફાંસી અપાઇ.
- હવે મોબાઇલમાં ખરાબ નેટવર્ક હશે તો કંપનીને દંડ થશે.
- મુંબઇમાં પાણી પુરવઠા મંત્રીશ્રીની મહિલાઓએ ધોલાઇ કરી, બળાત્કારના મામલે ટીપ્પણી કરી હતી.

# કોમી હિંસામાં નરેન્દ્ર મોદીની ભૂમિકામાં તપાસની માગણી

### નરોડા પાટિયા હત્યાકાંડમાં ચુકાદો આવ્યા બાદ કોંગ્રેસના નેતા દિગ્વિજયસિંહની પ્રતિક્રિયા : રાજીનામાની માંગણી

નવીદિલ્હી, તા. ૨૯

કોંગ્રેસે કહ્યું છે કે, નરોડા પાટિયા હત્યાકાંડના ચુકાદાથી સાબિત થઈ ગયું છે કે, ગુજરાતમાં વર્ષ ૨૦૦૨માં કોમી હિંસા રાજ્યનાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ઈશારા ઉપર થઈ હતી. કોંગ્રેસના મહાસચિવ દિગ્વિજયસિંહે નરોડા પાટિયા હત્યાકાંડનો ચુકાદો આવ્યા બાદ પોતાની પ્રતિક્રિયા આપવાની તક છોડી નથી. દિગ્વિજયસિંહ હંમેશા વિવાદાસ્પદ નિવેદનો કરવા માટે જાણીતા રહ્યા છે. દિગ્વિજયે કહ્યું હતું કે, આજનો ચુકાદો સાબિત કરે છે કે, ગુજરાતમાં સાંપ્રદાયિક હિંસાની રાજ્યનાં પ્રધાન અને અધિકારી સામેલ હતાં. તેમણે ઉમેર્યું હતું કે, અમિત શાહ અને માયા કોડનાનીની ભૂમિકાથી સાબિત થાય છે કે, આ રમખાણો મોદીનાં ઈશારે થયા હતાં. મુખ્યમંત્રીની મંજુરી વગર કોઈ મંત્રી આમાં સામેલ કઈ રીતે હોઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, એક ખાસ અદાલતને નરોડા પાટિયા હત્યાકાંડ મામલામાં ગુજરાતનાં ભૂતપૂર્વ પ્રધાન માયા કોડનાની અને બજરંગદળના નેતા બાબુ બજરંગી સહિત ૩૨ લોકોને દોષિત ઠેરવ્યા હતાં.

દરમિયાન કોંગ્રેસનાં શાસન જગદંબિકા પાલે મોદીના રાજીનામાની માંગણી કરી હતી અને કહ્યું હતું કે, તેમની સરકારના લોકો કોમી રમખાણોમાં અપરાધી જાહેર થયા છે. આવી સ્થિતિમાં નૈતિકતાના આધાર પર મોદીને તરત હોદ્દા પરથી રાજીનામું આપવું જોઈએ. મુખ્યમંત્રીની ભૂમિકામાં તપાસ કરવાની દિગ્વિજયે જોરદાર માંગ કરી હતી. મોદીના માર્ગદર્શન હેઠળ હિંસા થઈ હોવાનો તેમણે દાવો કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૨નાં દિવસે નરોડા વિસ્તારમાં સાંપ્રદાયિક હિંસા દરમિયાન ૯૭ લોકોને મોતનાં ઘાટ ઉતારી દેવાયા હતાં.

## ભૂખમરાથી મોત હેવાલ આપવા બંગાળને આદેશ

નવીદિલ્હી, તા. ૨૯

ટી એસ્ટેટમાં ભૂખમરાને કારણે મોતનાં અહેવાલનાં સંબંધમાં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ દ્વારા પશ્ચિમ બંગાળ સરકાર પાસેથી અહેવાલની માંગ કરવામાં આવી છે અને ચાર સપ્તાહની અંદર અહેવાલ રજૂ કરવા રાજ્યનાં મુખ્ય સચિવને સૂચના આપી છે. આ મહિનાની શરૂઆતમાં જલપાઈગુડી ટી એસ્ટેટમાં બે મહિલા અને એક બાળકનાં મોતના સંબંધમાં અહેવાલ આપવા સૂચના આપવામાં આવી છે. ભૂખમરાનાં મોતના અહેવાલ આવ્યા બાદ દેશમાં ખળભળાટ મચી ગયો હતો. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના પ્રવક્તાએ કહ્યું છે કે, ટી એસ્ટેટમાં વર્કરોને હજુ ૬૨ સપ્તાહ માટે રેશનિંગથી ચીજ-વસ્તુઓ મળી નથી. બે મહિનાનો પગાર પણ આપવામાં આવ્યો નથી.

## ગુવાહાટી-બેંગ્લોરની વચ્ચે ખાસ ટ્રેન પહેલીથી શરૂ થશે

ગુવાહાટી, તા. ૨૯

ગુવાહાટીથી બેંગ્લોર વચ્ચે ખાસ ટ્રેન પહેલી સપ્ટેમ્બરથી દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દક્ષિણી રાજ્યોમાં અભ્યાસ કરતા અથવા તો કામ કરતાં લોકોની ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં વાપસી સરળતાથી થાય તે હેતુસર આ ટ્રેન દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તાજેતરમાં જ હુમલાની દહેશતના કારણે ઉત્તર-પૂર્વીય રાજ્યોનાં હજારો લોકોએ હિજરત કરી હતી. આ ટ્રેનમાં ૧૪ સ્લીપર ક્લાસ અને કોચ રહેશે. આ ટ્રેન શનિવારે રાત્રે ૧.૧૫ વાગ્યે ગુવાહાટી રેલવે સ્ટેશનથી રવાના થશે. નોર્થ-ઈસ્ટ ફ્રન્ટીયર રેલવેનાં અધિકારીએ આ મુજબની માહિતી આપતાં કહ્યું હતું કે, ટ્રેન સેવા આસામ સરકારની વિનંતી બાદ શરૂ કરવામાં આવી છે. હજારો વિદ્યાર્થીઓ અને વર્કરોની સુવિધાના હેતુસર આ ટ્રેન શરૂ કરાઈ છે. જો માંગ ઉભી થશે તો આવી વધુ ટ્રેનો ઉભી કરવામાં આવશે. કર્ણાટકનાં નાયબ મુખ્યમંત્રી આર. અશોકાએ ૨૫ અને ૨૬ ઓગસ્ટે આસામ અને મણિપુરની મુલાકાત લીધી હતી, તે સમયે આ મુજબની રજૂઆત બંને સરકારો તરફથી થઈ હતી. બેંગ્લોરમાં સુરક્ષાની ખાતરી પણ કરવામાં આવી રહી છે. અશોકાએ બેંગ્લોર અને અન્ય સ્થળોથી લોકોની વાપસી માટે ખાસ ટ્રેનની વ્યવસ્થા કરવા મુખ્યમંત્રી તરૂણ ગોગોઈને અપીલ કરી હતી. ગોગોઈએ રેલવે મંત્રાલય સમક્ષ આ રજૂઆત કરી હતી. આખરે તેમની વાત સ્વીકારી લેવામાં આવી છે.

## સ્ટેટ પાવર રેગ્યુલેટર્સને વધુ સત્તા આપવા તૈયારી

નવીદિલ્હી, તા. ૨૯

તાજેતરમાં પાવરગ્રીડ કોલેપ્સનાં અનુસંધાનમાં સરકાર ઈલેક્ટ્રીસિટી એક્ટમાં સુધારો કરીને સ્ટેટ રેગ્યુલેટર્સને વધુ સત્તાઓ આપવાની યોજના ધરાવે છે. ઈલેક્ટ્રીસિટી એક્ટમાં સુધારા આગામી સંસદ સત્ર દરમિયાન કરવામાં આવે તેવી શક્યતા છે. ઉર્જા પ્રધાન વિરપ્પા મોયલીએ પત્રકારો સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે, તાજેતરમાં પાવર ગ્રીડ કોલેપ્સ બાદ આ પ્રકારની ઘટનાઓ ભવિષ્યમાં ન બને તે માટે તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. આનાં ભાગરૂપે ઈલેક્ટ્રીસિટી એક્ટમાં સુધારાઓ મારફતે સ્ટેટ રેગ્યુલેટર્સને વધુ સત્તાઓ આપવામાં આવશે. સ્ટેટ ઈલેક્ટ્રીસિટી રેગ્યુલેટરી કમિશનને વધુ સત્તાઓ આપવામાં આવશે. વધુ સ્વતંત્રતા આપવા પાછળ કેટલાંક હેતુ રહેલાં છે. આનાથી ગ્રીડમાં શિસ્તને સરળતાથી અમલી બનાવી શકાશે. મંત્રાલય દ્વારા પહેલાંથી જ સેન્ટ્રલ ઈલેક્ટ્રીસિટી ઓથોરિટીનાં ચૅરમેનનાં નેતૃત્વમાં ટાસ્કફોર્સની રચના કરી છે જે આ સંબંધમાં તમામ સંબંધિતો સાથે વાતચીત કરીને આગળ વધશે. બે મહિનાની અંદર આ ટાસ્કફોર્સ અહેવાલ આપશે, ત્યારબાદ તમામ રેગ્યુલેટરોને સુચિત સુધારાઓ ઉપર કામ કરવાનું કહેવામાં આવશે. એક સર્વસંમત અભિગમ અપનાવવામાં આવશે. તેમણે એમપણ કહ્યું હતું કે, વધુ સુધાર આધારિત અને વધુ સિદ્ધાંત આધારિત વ્યવસ્થા અમલી બનાવવા સુધારા કરવામાં આવશે. સંસદના શિયાળુ સત્રમાં આ સુધારા કરવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં જ ગ્રીડ કોલેપ્સનાં કારણે દેશનાં મોટાભાગનાં રાજ્યોમાં અંધારપટની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. કરોડો લોકોમાં અંધારામાં આવી ગયા હતાં. સતત બે દિવસ સુધી આ સ્થિતિ રહી હતી. ૨૦૦૦૦૦ મેગાવોટથી વધુની ભારતમાં કુલ સ્થાપિત ક્ષમતાની સામે વીજળીની માંગ ૨૦૨૨ સુધી ૪૦૦૦૦૦ મેગાવોટ સુધી પહોંચી શકે છે.

# દિલ્હીમાં સતત ત્રીજા દિવસે અતિ ભારે વરસાદ ખાબક્યો

નવી દિલ્હી,તા.૨૯

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આજે સતત ત્રીજા દિવસે અતિ ભારે વરસાદ થયો છે જેથી જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. ઘણી જગ્યાઓએ પાણી ભરાઈ ગયા હતા. જુદી જુદી જગ્યાઓ ઉપર ટ્રાફીક જામની સ્થિતિ જોવા મળી હતી. અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે સવારે નોકરી ઉપર જતા લોકો ઘણી જગ્યાઓ પર અટવાઈ પડ્યા હતા. વિમાની સેવાને પણ અસર થઈ હોવાના અહેવાલ મળ્યા છે. બીજી બાજુ દિલ્હી એરપોર્ટ ઉપર નજર રાખનાર અધિકારીઓનું કહેવું છે કે ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે ઓપરેશન સામાન્ય રીતે ચાલી રહ્યું છે. શહેરના ઘણાં ભાગોમાં સવારના વ્યસ્ત કલાકો પહેલાં પાણી ભરાઈ ગયા હતા. મૂલચંદ, મોટીબાગ, એમ્સ, બીઆરટી કોરિડોર, વઝીરપુર અને અશોક વિહાર જેવા વિસ્તારોમાં ટ્રાફીક જામની સ્થિતિ સર્જાઈ ગઈ હતી અને લોકો અટવાઈ પડ્યા હતા.



હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે અતિ ભારેથી ભારે વરસાદ થઈ શકે છે. આવતીકાલે પણ ભારે વરસાદ થવાની શક્યતા છે. યમુના નદીમાં પાણીની સપાટી ભયનજક સપાટીની નજીક પહોંચી ગઈ છે. ઘણા નિચાણવાળા વિસ્તારોથી લોકોને ખસેડવામાં આવી ચૂક્યા છે. મંગળવારના દિવસે દિલ્હીમાં ભારે વરસાદ થયો હતો. ટ્રાફીક સિંગ્નલો પણ તૂટી પડ્યા હતા. ઘણી દુકાનો અને મકાનોમાં પાણી ઘૂસી ગયા હતા. દક્ષિણ દિલ્હીના મેયર સવિતા ચોધરીએ કહ્યું છે કે શેરીઓના જુદા જુદા ભાગોમાં પાણી ભરાઈ જવાના કારણે અન્ય સુધરાઈ સંસ્થાઓ મદદ કરી રહી નથી તે કારણ જવાબદાર છે. ઉત્તર દિલ્હીના મેયરે પણ આવી જ પ્રતિક્રિયા આપી છે. દિલ્હીમાં આ વર્ષે મોનસૂનમાં સિઝનલ સરેરાશ વરસાદ ૪૧૫.૨ મીમી રહ્યો છે જે ૫૧૧.૨ મીમીના સરેરાશ આંક કરતા ૧૯ ટકા ઓછો વરસાદ છે. જો કે ઓગસ્ટ મહિનામાં દિલ્હીમાં હજુ સુધી ૩૦૪.૯ મીમી વરસાદ થયો છે જે આ ગાળા માટેના ૨૩૫.૧ સરેરાશ વરસાદ કરતા ૩૦ ટકા વધુ વરસાદ છે.

## અમેરિકામાં વાવાઝોડા બાદ લાખો લોકો અંધારપટ હેઠળ

હ્યુસ્ટન,તા. ૨૯

અમેરિકાના લુસિયાના રાજ્યમાં ઈસાક વાવાઝોડાના કારણે આજે તેની માઠી અસર જોવા મળી હતી. વાવાઝોડાના કારણે ૧૭૦૦૦૦ લોકો અંધારપટ હેઠળ આવી ગયા હતા. તોફાની પવનની સાથે ભારે વરસાદ થયો હતો. ભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. બચાવ અને રાહત કામગારી હાથ ધરવામાં આવી હતી. સાથે સાથે ક્યા કેટલુ નુકસાન થયું છે તેની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૫માં લુસિયાનામાં કેટરીના વાવાઝોડાના કારણે ૧૮૦૦૦ લોકોના મોત થયા હતા. ગઈકાલે ઈસાક વાવાઝોડાએ વિનાશક સ્વરૂપ ધારણ કરતા વાવાઝોડાની કેટેગરી એકની શ્રેણી મુકાઈ હતી. વાવાઝોડા દરમિયાન ૧૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાયો હતો. અતિ ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં ભારે ભરાઈ ગયા હતા. જો કે ઈસાકની વધારે અસર જોવા મળી ન હતી. જો કે તેનો ખતરો સંપૂર્ણપણે ટળ્યો નથી. લુસિયાનામાં વારંવાર પુરની સ્થિતી સર્જાય છે અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે. સમાચાર અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે વાવાઝોડાના કારણે લાખો લોકો અંધારપટ હેઠળ આવી ગયા હતા. લુસિયાનામાં ભારતીય મૂળના અમેરિકા ગર્વનર બોબીજિન્દાલ વાવાઝોડાની સ્થિતીને પહોંચી વળવા તમામ તૈયારી કરવા તંત્રને સુચના આપી હતી. જિન્દાલે પરિસ્થિતીને ધ્યાનમાં લઈને એક બેઠકમાં પણ હાજરી આપી ન હતી. બીજી બાજુ યુએસ નેશનલ હેરિકન સેન્ટરે કહ્યું છે કે ઉત્તરીય અખાતમાં વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યું છે. લુસિયાના, મિસિસિપી અને ફ્લોરીડામાં પહેલાથી જ વાવાઝોડા અંગે માહિતી આપી દેવામાં આવી હતી. જેથી તમામ સાવચેતીના પગલા લેવામાં આવ્યા હતા. ઈસાકના કારણે વધારે નુકસાન ન થતા તંત્રને મોટી રાહત થઈ છે.

### સખીને પત્ર (પાના નં. ૪ નું ચાલુ)

હું જીમ કે યોગાસન કરવાં જાઉં છું ત્યારે ઘણી સ્થૂળ સ્ત્રીઓ ત્યાં આવે છે. દરેકને પૂછો તમારું વજન કે કરતાં વધ્યું? તો દરેકને પોતાની ખાવાપીવાની ટેવો કરતાંય બીજા પરિબળો વધુ જવાબદાર લાગ્યાં. ઢીંચણના દુ:ખાવાને કારણે કસરત થઇ શકતી નથી, લોહબી ઓછું છે તેથી શરીર ફુલી ગયું છે, મને સિઝેરીયન કરવામાં આવ્યું હતું, વારસાગત છે - મારા દાદીનું શરીરે ભારે હતું. જેવા અનેક કારણો સામે આવે પણ મારા જેમ કોઇ એમ નહિ કહે કે, “શારીરિક તંદુરસ્તીના પુસ્તકો મેં પોટેટો ચીપ્સ ખાતાં - ખાતાં અને સૂતાં - સૂતાં વાંચ્યા કર્યાં એટલે શરીર વધી ગયું.” અને હવે તો આ બહાનાઓમાં વિજ્ઞાન પણ આપણી મદદે આવ્યું છે, પ્રત્યેક ખામી માટે હોર્મોન્સ કે જીન્સને જવાબદાર ઠેરવી દો અને દોષભાવનાથી મુક્ત થઇ જાઓ. શરીર કેમ વધે છે કે નથી વધતું, ભૂખ લાગે છે, ઊંઘ વધુ આવે છે, ગુસ્સો આવે છે, ભૂલી જવાય છે, ઉદાસ થઇ જવાય છે... દરેક ફરીયાદ માટે અમુત તમુક પ્રકારના હોર્મોન્સ કે જીન્સ જવાબદાર રહે છે.

આ લેખ મેં તો સારો જ લખ્યો છે. જો તમને ન ગમે તો એમાં દોષ તમારા વાંચનનો હોઇ શકે. લેખમાં મજા ન આવી તો મારા તંત્રી પણ જવાબદાર છે. એમણે મને ખૂબ ઓછો ટાઇમ આપ્યો આ લખવા માટે. અને જો લેખ સારો લાગ્યો તો ક્રેડિટ મને આપજો. જસ્ટ બ્લેસ મી, બ્લેમ બીજાઓને?

**- તારી, સ્વાતિ**

# આસામ હિંસા : સેનાનું શસ્ત્રો શોધી કાઢવાનું ઓપરેશન શરૂ

ગુવાહાટી,તા.૨૯

આસામમાં સાંપ્રદાયિક હિંસામાં મોતનો આંકડો વધીને ૯૧ ઉપર પહોંચી ગયો છે. બોડો આદિવાસીઓ અને મુસ્લિમો વચ્ચે સાંપ્રદાયિક હિંસાનો દોર હજુ પણ રોકાયો નથી ત્યારે સેનાએ હવે ગેરકાયદે હથિયારો અને વિસ્ફોટકો કબજે કરવા હજુ સુધીનું સૌથી મોટું ઓપરેશન હાથ ધર્યું છે. સેના દ્વારા હિંસાગ્રસ્ત આસામમાં હવે તેના સૌથી મોટા સર્ચ ઓપરેશનની શરૂઆત કરી દીધી છે. આતંકવાદી હિંસા અને સાંપ્રદાયિક હિંસા ફેલાવવા અને હિંસાવેળા વારંવાર આ પ્રકારના હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સેનાએ તમામ જગ્યાઓએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. મુખ્યમંત્રી તરુણ ગોવઈએ કહ્યું છે કે સેનાને મદદરૂપ થવા માટે સંપૂર્ણ સત્તાઓ આપી દેવામાં આવી છે. ગેરકાયદે શસ્ત્રો અને દારૂગોળો કબજે કરવા સેનાને તમામ સત્તા સોંપવામાં આવી છે. ટૂંક સમયમાં સારા પરિણામ મળશે. રાજ્યમાં પૂરતી સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં હિંસાનો દોર જારી રહ્યો છે. સોમવારે મોડી રાત્રે પણ ઢુબરી જિલ્લામાં એકનું મોત થયું હતું. ગઈકાલે પણ કોકરાઝારમાં વધુ એકનો મૃતદેહ મળી આવ્યો હતો. આની સાથે જ મોતનો આંકડો વધીને ૯૧ ઉપર પહોંચી ગયો છે. બારપેટામાં તંગદિલી પ્રવર્તી રહી છે. અહીં કેટલાક મકાનોને આગ ચાંપી દેવામાં આવી હતી. બારપેટાના ડેપ્યુટી કમિશનરનું કહેવું છે કે ખોઈરાબારીમાં ૨૫થી વધુ મકાનોને આગ ચાંપી દેવામાં આવી છે. સ્થિતિને કાબૂમાં લેવા માટે અહીં પોલીસને ગોળીબાર કરવાની ફરજ પડી હતી. વંશીય હિંસાને કાબૂમાં લેવા માટે ૨૫મી જુલાઈના દિવસે સરકારે સેનાને બોલાવી હતી. સેનાના જવાનો મુખ્ય રીતે તમામ ગેરકાયદે હથિયારો કબજે કરવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે. વિસ્ફોટકોનો ઉપયોગ વારંવાર થઈ રહ્યો છે. સૌથી મોટું તપાસ ઓપરેશન શરૂ થઈ ચૂક્યું છે. સેના માને છે કે બંડખોર સંગઠનો સાથે સંબંધ નહીં ધરાવતા લોકો પાસે પણ હથિયાર હોઈ શકે છે. હિંસાગ્રસ્ત કોકરાઝાર, ઢુબરી, બોંગાઈગાવ, ચિરાંગ, બક્સા અને નાલબેરી જિલ્લામાં ૨૦૦૦થી વધુ જવાનો તપાસમાં લાગી ગયા છે. આસામમાં હિંસાનો દોર સતત જારી રહ્યો છે.

### નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

**જો પાણી ઉકાળીને ચોથા ભાગે બાકી રહ્યું હોય તો તે કફના રોગોને મટાડે છે, ત્રણ ચતુર્થાંસ રહ્યું હોય તો તે વાતના રોગોને મટાડે છે. (આ બાબત પર વધુ રિસર્ચ કરી શકાય છે.)**

**જમતી વખતે પાણી પીવાની બાબતમાં જણાવ્યું છે કે અર્ધું જમી રહ્યા બાદ પાણી પીવાથી ધાતુઓ યોગ્ય પ્રમાણમાં રહે છે આથી શરીર સમ રહે છે. જમ્યા બાદ પાણી પીવાથી આમાશયમાં કફની વૃદ્ધિ થવાથી શરીર જાડું થાય છે. જમ્યા પહેલાં પાણી પીવાથી જઠરાગ્નિ મંદ થાય છે, અને પાચન શક્તિ નબળી પડે છે. આથી શરીર દુબળું થાય છે. (જો કે, જમતી વખતે પાણી પીવું કે ન પીવું, કેટલું પીવું... આદિ પ્રશ્નોના ઘણાં મત-મતાંતરો છે; ઓછી માત્રામાં પાણી પીવાથી કોઇ નુકશાન થતું નથી.)**

**મિત્રો, આજે આપણે બહુ જ સંક્ષેપમાં આયુર્વેદમાં વર્ણિત પાણીના વિવરણ વિષે જોયું. પાણી એ ચિકિત્સાનું એક શ્રેષ્ઠ માધ્યમ છે. નિસર્ગોપચારમાં તેનું ખાસ મહત્વ છે. નિસર્ગોપચારમાં પાણી, તેના અમુક મંતવ્યો તથા પાણી દ્વારા કરવામાં આવતી વિવિધ ચિકિત્સકો (જલ ચિકીત્સા કે વોટર થેરાપી) વિષે જોઇશું આવતાં અંકે...**